પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૧૨ | ૧ જુલાઈ, ૨૦૨૩, શનિવાર; અષાઢ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

તેજી : સેન્સેક્સમાં ૮૦૩ પોઈન્ટનો ઉછાળો

શેરબજારમાં બુલેટ તેજી : સ્થાનિક શેરબજારમાં સતત ત્રીજા સત્રમાં તેજી જારી : સેન્સેક્સ ૮૦૩ પોઈન્ટના ઉછાળા સાથે બંધ : વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોનું રોકાણ જાળવી રાખવા અને અન્ય કારણોસર સતત તેજી જોવા મળી રહી છે

મુંબઈ, તા.૩૦

સ્થાનિક શેરબજારમાં તેજી શુક્રવારે સતત ત્રીજા સત્રમાં ચાલુ રહી હતી અને બેન્ચમાર્ક સૂચકાંકો ૧ ટકાથી વધુના ઉછાળા સાથે બંધ થયા હતા. બીએસઈસેન્સેક્સ ૮૦૩.૧૪ પોઈન્ટ એટલે કે ૧.૨૬%ના વધારા સાથે ૬૪,૭૧૮.૫૬ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. એ જ રીતે એનએસઈનિફ્ટી ૨૧૬.૯૫ પોઈન્ટ એટલે કે ૧.૧૪%ના વધારા સાથે ૧૯,૧૮૯.૦૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો.

જેકે ટાયરનો શેર આજે ૧૪ ટકાના ઉછાળા સાથે બંધ રહ્યો હતો. તે જ સમયે, બાયોકોનના શેરમાં ૮%નો ઉછાળો જોવા મળ્યો હતો.

તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાન સાથે બંધ થયા છે. આઈટી ઈન્ડેક્સ ૨.૫ ટકા અને પીએસયુ બેંક ઈન્ડેક્સ બે ટકાના વધારા સાથે બંધ થયો હતો. એ જ રીતે ઓટો અને કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સ પણ ૨-૨ ટકાના ઉછાળા સાથે બંધ થયા છે. બીએસઈમિડકેપ અને બીએસઈસ્મૉલકેપ ઈન્ડેક્સ ૦.૫-૦.૫ ટકાના વધારા સાથે બંધ થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

સરકાર ચોમાસુ સત્રમાં યુનિફોર્મ સિવિલ કોડ બિલ રજૂ કરી શકે છે

લોકસભાની ચૂંટણી પૂર્વે મોદી સરકાર મોટો દાવ રમશે : કેન્દ્ર સરકાર દ્વારા યુનિફોર્મ સિવિલ કોડ કાયદા સાથે સંબંધિત બિલ સંસદીય સમિતિને પણ મોકલી શકાય

નવી દિલ્હી, તા.૩૦

દેશમાં આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલા મોદી સરકાર યુનિફોર્મ સિવિલ કોડને લઈને મોટો દાવ રમવા જઈ રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્ર સરકાર આગામી ચોમાસુ સત્રમાં સંસદમાં યુનિફોર્મ સિવિલ કોડ બિલ રજૂ કરી શકે છે. સરકારે સંસદના ચોમાસુ સત્રમાં યુનિફોર્મ સિવિલ કોડ બિલ લાવવાની તૈયારી કરી લીધી છે. યુનિફોર્મ સિવિલ કોડ કાયદા સાથે સંબંધિત બિલ સંસદીય સમિતિને પણ મોકલી શકાય છે.

યુનિફોર્મ સિવિલ કોડ અંગે સાંસદોના અભિપ્રાય જાણવા માટે આગામી ૩ જુલાઈએ સંસદીય સ્થાયી સમિતિની એક બેઠક બોલાવવામાં આવી છે. આ મુદ્દે લો કમિશન, લીગલ અફેર્સ ડિપાર્ટમેન્ટ અને લેજિસ્લેટિવ ડિપાર્ટમેન્ટના પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા છે. યુનિફોર્મ સિવિલ કોડ પર સામાન્ય લોકો પાસેથી સૂચનો માંગવાના મુદ્દે કાયદા પંચ દ્વારા ૧૪ જૂને આ ત્રણ વિભાગોના પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા છે.

પીએમ નરેન્દ્ર મોદીએ થોડા દિવસો પહેલા ભોપાલમાં યુનિફોર્મ સિવિલ કોડનો મુદ્દો ઉઠાવ્યો હતો અને સમગ્ર દેશમાં તેની ચર્ચા શરૂ કરી હતી. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ કહ્યું હતું કે ભારતનું બંધારણ પણ નાગરિકોના સમાન અધિકારની વાત કરે છે.

સુપ્રિમ કોર્ટે વારંવાર યુનિફોર્મ સિવિલ કોડ લાવવાનું કહ્યું છે પરંતુ વોટ બેંકની રાજનીતિ કરનારાઓએ મુસ્લિમોનું શોષણ કર્યું છે પરંતુ તેમની ક્યારેય ચર્ચા થઈ નથી. આજે પણ તેમને સમાન અધિકારો નથી મળતા. ભારતના મુસ્લિમ ભાઈ-બહેનોએ સમજવું પડશે કે ક્યા રાજકીય પક્ષો તેમને ઉશ્કેરીને તેમનો રાજકીય લાભ લઈ રહ્યા છે. યુનિફોર્મ સિવિલ કોડના નામે લોકોને ભડકાવવાનું કામ થઈ રહ્યું છે. જો ઘરમાં એક સભ્ય માટે એક કાયદો અને બીજા માટે બીજો કાયદો હોય તો શું ઘર ચાલી શકશે? તો આવી બેવડી વ્યવસ્થા સાથે દેશ કેવી રીતે ચાલશે?

● અનુસંધાન પાન-૭ પર

બિહારમાં વીજળી પડતાં આઠનાં મોત

મૃતકોમાં જમુઈ, મુંગેર, ગયા અને ખાગરિયાના એક-એક અને લખીસરાઈ-શેખપુરાના બે-બે લોકો સામેલ

પટના, તા.૩૦

પટના સહિત સમગ્ર બિહારમાં ગુરૂવારે મૂશળધાર વરસાદ વરસ્યો હતો. જોકે, આ વરસાદ કહેર બનીને વરસ્યો હતો. રાજ્યમાં વીજળી પડવાથી ૮ લોકોના મોત થઈ ગયા હતા.

મૃતકોમાં જમુઈ, મુંગેર, ગયા અને ખાગરિયાના એક-એક અને લખીસરાઈ-શેખપુરાના બે-બે લોકો સામેલ છે. જેમાંથી ત્રણ લોકો ખેતરમાં કામ કરતી વખતે મૃત્યુ પામ્યા હતા. અને એક વ્યક્તિનું ઢોર ચરાવતી વખતે મોત થયું હતું.

બીજી તરફ જમુઈમાં ઘરની બહાર રમતા બાળક પર વીજળી પડી હતી. એવી જ રીતે શેખપુરામાં પણ આઠ વર્ષનો બાળક તેના ત્રણ મિત્રો સાથે વરસાદમાં સ્નાન કરી રહ્યો હતો ત્યારે તેના પર વીજળી પડી હતી.

આગામી ત્રણ દિવસ સુધી પટના સહિત રાજ્યના બાકીના જિલ્લાઓમાં એક-બે સ્થળોએ હળવા વરસાદ અને ગાજવીજ અને વીજળીનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

બીજી તરફ ફતેહપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ચારોખરીગઢ પંચાયતના તિન્નાવા નિવાસી ૫૦ વર્ષીય રામ વિલાસ યાદવનું ગુરુવારે વીજળી પડવાથી મૃત્યુ થયું હતું. રામવિલાસ બપોરે વરસાદ દરમિયાન ખેતરમાંથી ઘરે પરત આવી રહ્યો હતો. ત્યારે જ જોરદાર ગડગડાટ થઈ અને રામવિલાસ વીજળીનો ભોગ બન્યો.

આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતાં જિલ્લા કાઉન્સિલર પ્રેમ કુમારે ડિઝાસ્ટર રિલીફ ફંડમાંથી સંબંધીઓને તાત્કાલિક સહાય પૂરી પાડવા જિલ્લા મેજિસ્ટ્રેટને માંગ કરી છે.

બમ-બમ ભોલેના નાદ સાથે અમરનાથ યાત્રાનો પ્રારંભ

જમ્મુ-કાશ્મીર, તા.૩૦

બાબા બર્ફાનીના દર્શન કરવા માટે જે આતુરતાથી ભક્તો રાહ જોઈ રહ્યા હતા, એનો હવે અંત આવ્યો છે. બાબા અમરનાથની યાત્રાનો શુભારંભ થઈ ચૂક્યો છે. આજે વહેલી સવારે બાબા બર્ફાનીના દર્શન માટે આવેલા ભક્તોના પહેલાં લોટને રવાના કરવામાં આવ્યો છે. ભક્તો બાબા બર્ફાનીના દર્શન કરવા માટે બાલતાલ અને પહેલગામ જવા માટે રવાના થયા છે. હાલ ત્રણેક લાખ જેટલાં ભક્તોએ બાબા બર્ફાનીના દર્શન કરવા માટે રજિસ્ટ્રેશન પણ કરાવ્યું છે. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ શ્રદ્ધાળુઓના પહેલાં લોટને રવાના કર્યો હતો. જે બાદ જમ્મુના બેઝ કેમ્પમાં બમ બમ ભોલના નાદ ગૂંજી ઉઠ્યા હતા. તો આ વખતે નિયોમાં પણ મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. ઉત્તર ભારતમાં વરસાદે ધબધબાટી બોલાવી છે, ત્યારે અહીં ભૂસ્ખલનમાં પણ વધારો થયો છે. જેથી યાત્રીઓને કોઈ જાનહાનિ ન પહોંચે એટલા માટે દર્શન કરવાના નિયમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. શનિવારથી ભક્તો બાલતાલ અને પહેલગામના રસ્તે બાબા બર્ફાનીના દર્શન કરવા માટે ગુફા તરફ આગળ વધશે. ભગવતી નગર આધાર શિબિરમાં ગુરુવારના રોજ ૧૬૦૦થી પણ વધારે ભક્તો પહોંચ્યા હતા. લખનૌથી કાશ્મીર સુધીના રસ્તા પર પણ બમ બમ ભોલે નાથના નાદ સંભળાઈ રહ્યા છે.

જમ્મુ-શ્રીનગર હાઈવે પર પણ યાત્રીઓ માટે કટ ઓફ સમય જારી કરવામાં આવ્યો છે. મહત્વનું છે કે, બાબા બર્ફાનીની આ યાત્રા ૬૨ દિવસ સુધી ચાલતી હોય છે, જે પહેલી જુલાઈના રોજ શરુ થાય છે અને ૩૧મી ઓગસ્ટ સુધી સમાપ્ત થઈ જાય છે. હિન્દુ ધર્મના લોકો માટે આ યાત્રા ખૂબ જ મહત્વની હોય છે.

એશિયન કબ્બડી ચેમ્પિયનશિપમાં ભારતે ઈરાનને હરાવી ટાઈટલ જીત્યું

ભારતીય ટીમે ઈરાનને બે દિવસમાં બે વખત હરાવ્યું : ભારતે ઈરાનને ૪૨-૩૨થી હરાવ્યું, ફાઇનલમાં ભારતે પ્રથમ હાફમાં ૨૩-૧૧થી પ્રભુત્વ જમાવ્યું હતું

બુસાન, તા.૩૦

ભારતીય કબડ્ડી ટીમે ઈરાનને હરાવીને એશિયન કબડ્ડી ચેમ્પિયનશિપનું ટાઈટલ જીત્યું છે. ભારતીય કબડ્ડી ટીમે પોતાનો દમ દેખાડતા ઈરાનને પછાડીને આઠમી વખત એશિયન ચેમ્પિયનશીપનું ટાઈટલ જીત્યું છે. ભારતે ઈરાનની ટીમને બે દિવસમાં બે વખત હરાવીને આ અદ્ભુત કામ કર્યું છે. ભારતે ફાઈનલમાં ઈરાનને ૪૨-૩૨થી હરાવ્યું હતું.

આ હાઈ-વોલ્ટેજ ફાઈનલમાં ભારતે પ્રથમ હાફમાં ૨૩-૧૧થી પ્રભુત્વ જમાવ્યું હતું પરંતુ ત્યારબાદ ઈરાને તેમના સુકાની મોહમ્મદરેઝા શાદલુઈ ચયાનેહની શાનદાર રમતને કારણે પ્રેરિત થઈને બીજા હાફમાં ગેપને ઘણુખરુ ઘટાડી દઈને રમતમાં વાપસી કરી હતી. પરંતુ શદાલુઈની છેલ્લી ઘડીની ભૂલ હતી જેણે ભારતને કોઈપણ સમસ્યા વિના ટાઈટલ જીતવામાં મદદ કરી. ભારતના સ્ટાર અને ટીમના કેપ્ટન પવન સેહરાવતે ઈરાન સામે મોટા ભાગના પોઈન્ટ મેળવ્યા અને જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. એક તબક્કે રમતમાં બે મિનિટ બાકી હતી ત્યારે ઈરાને ભારતની લીડને ઓછી કરીને ૩૮-૩૧ સુધી કરી દઈને રમતને રોમાંચક બનાવી દીધી હતી. દિવસની શરૂઆતમાં ભારતે હોંગકોંગને ૬૪-૨૦ના વિશાળ માર્જિનથી હરાવ્યું હતું અને લીગ તબક્કામાં અજેય રહીને સમાપ્ત કર્યું હતું.

મુંબઈમાં ભારે વરસાદથી જનજીવનને ભારે અસર

ઠેર-ઠેર વરસાદના પાણી ભરાયા, ટ્રેનો મોડી પડી

મુંબઈ, તા.૩૦

મુંબઈમાં વહેલી સવારથી મુશળધાર વરસાદ થઈ રહ્યો છે. વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી જમા થઈ રહ્યું છે. જેની વાહન વ્યવહાર પર મોટી અસર થઈ છે. ઉપરાંત આ વરસાદની ટ્રેન સેવા પર પણ માઠી અસર પહોંચી છે.

મધ્ય રેલવેની ટ્રેન ૧૫ થી ૨૦ મિનીટ મોડી ચાલી રહી છે. હાર્બર લોકલ૧૫ મિનીટ જ્યારે પશ્ચિમ રેલવેની ટ્રેન ૧૦ મિનીટ મોડી ચાલી રહી છે.

સવારથી આવી રહેલા વરસાદને કારણે પૂર્વ દ્રુતગતી માર્ગ પર ચેમ્બુરથી સાયન સુધી મોટો ટ્રાફિકજામ લાગ્યો છે. જેમાં કેટલીક એમ્બ્યુલન્સ પણ ફંસાઈ છે. જ્યાં અડધા કલાકનું અતંર કાપવા માટે એક દોઢ કલાક લાગી રહ્યો છે. તેથી મુંબઈગરાએ ચેમ્બુરથી મુંબઈ જવા માટે પર્યાઈ માર્ગનો ઉપયોગ કરવો મહત્વનો બની ગયો છે.

મુંબઈના કેટલાંક નીચાણવાળા વિસ્તારોમાં પાણી જમા થઈ ગયું છે. મુંબઈના અંધેરી એસવી રોડ વિસ્તારમાં પણ પાણી જમા થઈ ગયું છે. જેને કારણે ટ્રાફીક ધીમો ચાલી રહ્યો છે. નોકરીયાત વર્ગ આવા વરસાદ અને ટ્રાફીક જામમાં રસ્તો કાઢી પોત પોતાની ઓફીસે પહોંચવાનો પ્રયત્ન કરી રહ્યાં છે.

સવારે અંધેરી સબવે નીચે ત્રણ થી ચાર ફૂટ પાણી ભરાતાં અંધેરી સબવે વાહનો માટે અને તમામ નાગરીકો માટે બંધ કરવામાં આવ્યો હતો. જોકે અડધા કલાક બાદ પાણી નીકળી જતાં અંધેરી સબવે ફરી અવર-જવર માટે ખોલવામાં આવ્યો હતો.

નવી મુબંઈ અને પનવેલમાં પણ વહેલી સવારે જ વરસાદનું આગમન થઈ ગયું હતું.

HDFC બેંક-હાઉસિંગ ડેવલપમેન્ટ કોર્પનું મર્જર, વિશ્વની ચોથા નંબરની બેન્ક

વિલયની સાથે જ અમેરિકા તથા ચીનની બેન્કો સામે એક નવો હરીફ : આજથી મર્જર અમલમાં, જેપીમોર્ગન ચેઝ એન્ડ કંપની, ઈન્ડસ્ટ્રિયલ એન્ડ કોમર્શિયલ બેંક ઓફ ચાઈના લિમિટેડ-બેંક ઓફ અમેરિકા કોર્પ પછી ચોથા ક્રમે

નવી દિલ્હી, તા.૩૦

ભારતમાં સૌથી મોટી બેંકોમાં સામેલ એચડીએફસી બેન્ક લિમિટેડ અને હાઉસિંગ

ડેવલપમેન્ટ ફાઈનાન્શ કોર્પ (એચડીએફસી) સાથે મર્જર કરવા જઈ રહી છે. આ વિલયની સાથે જ તે વિશ્વની મોસ્ટ વેલ્યુએબલ બેંકોમાં સામેલ થઈ જશે. આવું પહેલીવાર બનશે.

આ વિલયની સાથે જ અમેરિકા તથા ચીનની બેંકો સામે એક નવો હરીફ બજારમાં આવશે જે ટોચના સ્થાનની નજીક પહોંચી હશે. ૧ જુલાઈથી એચડીએફસીબેંક અને એચડીએફસીવચ્ચે મર્જર અમલમાં આવશે.

એચડીએફસી બેંક લિમિટેડ અને હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પના મર્જરની સાથે જ વિશ્વની ચોથા ક્રમની માર્કેટ કેપિટલાઈઝેશન ધરાવતી બેંક અસ્તિત્વમાં આવશે. જે જેપીમોર્ગન ચેઝ એન્ડ કંપની, ઈન્ડસ્ટ્રિયલ એન્ડ કોમર્શિયલ બેંક ઓફ ચાઈના લિમિટેડ અને બેંક ઓફ અમેરિકા કોર્પ પછી ચોથા ક્રમે હશે. આ બેંકની વેલ્યૂ ૧૭૨ બિલિયન ડૉલરની આજુબાજુ રહેશે.

આ બંને જાયન્ટસ વચ્ચે ૧ જુલાઈથી મર્જર અમલી બનશે અને તેની સાથે ૧૨૦ મિલિયન કસ્ટમર ધરાવતી નવી એચડીએફસીબેંક અસ્તિત્વમાં આવશે.

શોર્ટ હિન્દી ફિલ્મ 'ગીદ્ધ' ઓસ્કાર માટે ક્વોલિફાય

મુંબઈ, તા.૩૦

બોલીવુડના દમદાર અને નેચુરલ એક્ટર સંજય મિશ્રા પોતાની એક્ટિંગથી દર્શકોને પ્રભાવિત કરવાની કોઈ તક છોડતા નથી. હાલમાં સંજય મિશ્રા તેની શોર્ટ હિન્દી ફિલ્મ 'ગીદ્ધ' (ધ સ્કેવેન્જર) માટે ચર્ચામાં છે. તેમની આ ફિલ્મે 'શોર્ટ શોર્ટ્સ ફેસ્ટિવલ' અને 'એશિયા ૨૦૨૩'માં માત્ર એશિયા ઈન્ટરનેશનલ કોમ્પિટિશન જ નથી જીતી, પરંતુ હવે તે ઓસ્કાર માટે પણ ક્વોલિફાય થઈ ગઈ છે. આ ફેસ્ટિવલમાં સંજય મિશ્રાને બેસ્ટ એક્ટરનો ખિતાબ પણ આપવામાં આવ્યો હતો. સંજય મિશ્રાની શોર્ટ હિન્દી ફિલ્મ 'ગીદ્ધ' સમાજને અરીસો બતાવે છે અને નિષ્પક્ષ રૂપથી ઘણી કઠોર વાસ્તવિકતાઓ વિશે વાત કરે છે જેના પર મોટાભાગના લોકો આંખ આડા કાન કરી લેતા હોય છે. વૈશ્વિક સ્તરે પ્રેક્ષકો સાથે તાલ મિલાવતા, 'ગીદ્ધ'ને

● અનુસંધાન પાન-૭ પર

યુપીમાં બેકાબૂ બોલેરો પાર્ક ટ્રક સાથે ટકરાતા છનાં મોત

બાંદા, તા.૩૦

ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લાના બાબેરુમાં ગઈકાલે મોડી રાત્રે એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો. જેમા બેકાબૂ બોલેરો એક પાર્ક કરેલી ટ્રક સાથે ભયકંર રીતે અથડાઈ હતી. આ અકસ્માતમાં માતા-પુત્ર સહિત છ લોકોના કરૂણ મોત નિપજ્યા હતા જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લાના બાબેરુ કોતવાલીમાં કામાસીન રોડ પર પરિયાદાઈ નજીક ગઈકાલે રાત્રે બોલેરો રોડ પર પાર્ક કરેલી ટ્રક સાથે ભયકંર રીતે અથડાઈ હતી. આ અકસ્માતમાં બોલેરોમાં સવાર છ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસે ઘાયલોને એમ્બ્યુલન્સ દ્વારા સીએચસી મોકલ્યા છે. ઘાયલોની હાલત નાજુક હોવાનું કહેવાય છે. જેમને જિલ્લા હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે.

ફ્લેટ વેચવાનો છે
સેક્ટર-૨૯માં ચ-છ સર્કલની પાસે, 2 BHK ગ્રાઉન્ડ ફ્લોર ફ્લેટ તાત્કાલિક વેચવાનો છે. પ્લોટ નં. ૧૯૯, ફ્લેટ નં.૧, સેક્ટર-૨૯, ગાંધીનગર
મો. ૯૭૨૩૦ ૨૫૮૭૯

સોમવાર થી શરૂ થતી સાંજે ૬ અથવા સાંજે ૭:૩૦ વાગ્યાની બેચમાં જોડાઈ...
કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.
નાણાવટી
The Leader Since 1996
ઘ-2 સર્કલ નજીક, મો. 96240 10555 ઓફિસ સમય સવારે 8 થી 1, સાંજે 4 થી 8
Url : nanavati's world.com - Demo માટે YouTube channel ketanNanavati Gandhinagar ની મુલાકાત લો.